## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**વેલેન્ટાઈન ડેની મને તો બહુ બીક લાગે છે... ગર્લફ્રેન્ડ બન્યા પછી મને ખબર પડી કે અઢીસો રૂપિયાની પણ ચ્હા આવે છે...!!**

# સે-૩૦માં બી કક્ષાના આવાસો ત્રણ મહિનાથી તૈયાર પણ લોકાર્પણ થતુ નથી

**બી કક્ષાના ૩૩૬ આવાસો હજુ પણ કર્મચારીઓના રહેઠાંણનુ સરનામુ બન્યા નથી : અગાઉ ગેસ પાઇપલાઇનની કામગીરીના લીધે વિલંબ થયો હતો : જયારે હવે લોકર્પણનુ ઠેકાણુ પડતુ નથી**

શહેરમાં નવા મકાનો બાંધવા માટેની કામગીરી હાલ ચાલી રહી છે. સે-૬ માં નવા આવાસો તૈયાર કરવામાં આવી રહ્યા છે. જયારે જુના અને જર્જરિત આવાસો તોડવાની સાથે હજુ પણ નવા ઠેકાણે આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. પરંતુ હજુ પણ સે-૩૦ માં તૈયાર કરાયેલા બી કક્ષાના ૩૩૬ આવાસોનુ લોકાર્પણ કરવામાં આવ્યુ નથી એકબાજુ તંત્રના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. ત્યારે તૈયાર થયેલા આવાસો પણ છેલ્લા ત્રણ મહીનાના અંતે પણ લોકઉપયોગી થઈ શક્યા નથી. મામલો માર્ગ મકાન મંત્રી કક્ષાએ અટવાયેલો હોવાનો ગણગણાટ પણ પ્રવર્તયો છે.

શહેરમાં જુના અને જર્જરિત આવાસો તોડીને નવા આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. એકબાજુ સેકટરોમાં દાયકાઓ જુના મકાનો તોડીને નવા મકાનો બાંધવા માટે ખુલ્લી જગ્યાની ઉપલબ્ધિ મુજબ કામ હાથ ધરવામાં આવે છે. ત્યારે હાલ પણ આવાસો તોડવા માટેની કામગીરી ચાલી રહી છે. ત્યારે હજુ પણ નવા આવાસો બાંધવા માટે ટુંકમાં જગ્યા નક્કી કરાશે. સે-૭ સે-૨૯ અને સે-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા છે. જયારે સે-૭ અને સે-૨૯ ની નવી અદ્યતન સરકારી કોલોનીમાં કર્મચારીઓનો વસવાટ પણ શરૂ થઈ ગયો છે. જયારે હાલ સે-૬ માં નવા આવાસો બાંધવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. બીજીતરફ હજુ સે-૩૦ માં તૈયાર થયેલા નવા આવાસોનો મામલો અટવાયેલો છે. જેના લીધે આવાસ ઈચ્છુક કર્મચારીઓને હજુ પણ મકાનો મળતા નથી. એકબાજુ તંત્રના ચોપડે મકાન માટે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. રહેણાંકને લાયક પુરતા મકાનો ન હોવાના લીધે આ યાદીને ન્યાય આપવાનુ પણ અઘરુ થયુ છે. આવા સંજોગોમાં વિલંબના અંતે તૈયાર થયેલી આ નવી આવાસ યોજના પણ છેલ્લા ત્રણ મહીનાથી કર્મચારીઓ માટે ઉપયોગી બની નથી. છેલ્લા ત્રણ મહીનાથી આવાસો તૈયાર છે. પરંતુ હજુ સુધી લોકાર્પણનુ આયોજન થયુ નથી.

## વાત-વાતમાં.....

- શહેરના સેક્ટર-૨૯ ખાતેના જલારામ મંદિરે તા. ૮મી ફેબ્રુઆરી શનિવારના રોજ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યનું પાટનગર રક્તદાન જેવી જીવન જરૂરી સેવાકીય પ્રવૃત્તિમાં રાજ્યમાં ખૂબ જ અગ્રેસર સ્થાન ધરાવે છે.
- શાળાઓના સત્રમાં ફેરફાર અંગેના સમાચારે શહેરના વાલીઓમાં ભારે ચર્ચા જગાવી છે. શહેરમાં વાલીઓમાં આ બાબતે વિવિધ મતાંતરો જોવા મળી રહ્યાં છે.
- નવા વર્ષ-૨૦૨૦નો પ્રથમ જાન્યુઆરી માસ પૂર્ણ થઈ બીજા ફેબ્રુઆરી માસનું પ્રથમ સપ્તાહ પણ પૂર્ણતાને આરે છે. આમ છતાં શહેરમાં હજુ પણ નવા વર્ષના કેલેન્ડર્સની બોલબાલા જોવા મળી રહી છે અને અમુક ખાસ કચેરીઓ-સંસ્થાઓના કેલેન્ડર્સ મેળવવા નાગરિકો ભાત-ભાતના કિમિયા અજમાવતા પણ જોવા મળી રહ્યાં છે.

# સેકટર-૭ પોલીસે રીઢા વાહન ચોરને પોલીસે દબોચી લીધો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથકના ડી સ્ટાફના હાથે ૬ માસ અગાઉ ૩૩ વાહન ચોરીના ગુનામાં ઝડપાયેલ આરોપીને ફરીવાર ચોરીના ૪ બાઈક, ત્રણ રીક્ષા અને એક છોટા હાથી સહિત કુલ ૮ વાહનો સાથે દબોચી લીધો છે. દોઢ વર્ષ અગાઉ તે પ્રાંતિજ ખાતે ૨૩ વાહન ચોરીના ગુનામાં પકડાયો હતો. ત્યારે ફરીવાર વાહનચોરીના ગુનામાં રીઢા થઈ ગયેલા યુવકને રૂ. ૫,૩૭,૦૦૦ ના મુદ્દામાલ સાથે સેકટર-૭ પોલીસે પકડી પાડ્યો હતો.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરમાં વાહનચોરીને લઈ સેકટર-૭ પોલીસ સ્ટેશનના પીઆઈ જે.એચ.સિંઘવના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડની ટીમ સક્રિય હતી. તે દરમિયાન કોન્સ્ટેબલ મહાવીરસિંહ રાણાને અગાઉ પકડાયેલા વાહન ચોર અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે સેકટર-૮ ના આંતરીક માર્ગ પરથી ચોરીના બાઈક સાથે યુવકને પકડી પાડ્યો હતો. પોલીસે સંજય ઉર્ફે લાલો જગદીશભાઈ બજાણીયા (રહે. રાસલોડ પ્રાંતિજ)ની અટકાયત કરીને તેની ઉંડાણપૂર્વક પુછપરછ કરતા તેણે અમદાવાદ શહેર વિસ્તારમાંથી ત્રણ બાઈક અને એક રીક્ષા, જયારે મહેસાણા તાલુકા અને એ ડિવીઝન પોલીસ મથક વિસ્તારમાંથી છોટા હાથી અને બે રીક્ષા તેમજ દહેગામ વિસ્તારમાંથી એક બાઈકની ચોરી કરી હતી. સેકટર-૭ પોલીસે રૂ.૫.૩૭ લાખના ૮ વાહનો રીકવર કર્યા હતા. આરોપી વાહન ચોરીને અલગ અલગ સ્થળે મુકી રાખતો હતો ત્યારબાદ ગ્રાહકો મળે એટલે વેચી મારતો હતો. જયારે કેટલાક ગ્રાહકોને શક પડે તો નંબર પ્લેટ પણ બદલી નાંખતો હોવાનું જાણવા મળ્યું છે. આરોપી છેલ્લા કેટલાક સમયથી જેલમાં હતો, દિવાળીના અરસામાં તેને રેગ્યુલર જામીન મળ્યા હતા. ત્યારબાદ આરોપીએ ગણતરીના દિવસોમાં ૮ વાહનોની ઉઠાંતરી કરી હતી.



આરોપી શહેરના ભરચક વિસ્તારમાંથી ડુપ્લીકેટ ચાવીથી વાહનો ચોરીને વેચી મારતો હતો. વાહનો રીકવર કરવામાં સ્ટાફના સુરપાલસિંહ, નિરવ, આશિષસિંહ, કનકસિંહ, મહાવીરસિંહ, જગદીશસિંહ, દિલિપસિંહ, ધર્મેન્દ્રસિંહ, બેચરભાઈ, બાબુજીએ પુછપરછ કરી તપાસ કરી વાહનો રીકવર કરવાની કામગીરી કરી હતી.

# આલમપુર ગામે મા અમૃતમ વાત્સલ્ય યોજના અંતર્ગત બીજા તબક્કાનો કાર્ડ વિતરણ કેમ્પ યોજાયો

ચિલોડા, તા. ૫

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગર તથા આલમપુર ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે ગ્રામ પંચાયત કચેરી ખાતે મુખ્યમંત્રી, મા અમૃતમ વાત્સલ્ય યોજના અંતર્ગત બીજા તબક્કાની કાર્ડની કામગીરી અંગેનો કેમ્પ તા. ૭મી જાન્યુઆરી-૨૦૨૦ના રોજ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કેમ્પમાં ગામના ૪૦ લાભાર્થીઓના કાર્ડની કામગીરી સવારે ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી હાથ ધરાઈ હતી. ત્યારબાદ તા. ૩ ફેબ્રુઆરી ૨૦૨૦ સોમવારના રોજ ગ્રામ પંચાયત કચેરી ખાતે મા અમૃતમ કાર્ડનું વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૪૦ લાભાર્થીઓને રૂબરૂ કાર્ડ આપવાનો કાર્યક્રમમાં પીએલવી નટુભાઈપટેલ, ગુજરાત ક્ષત્રીય ઠાકોર સેનાના અગ્રણી ટીનાજી આર. સોલંકી તથા મહેશજી આર. સોલંકી ઉપસ્થિત રહી કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.




# આવતીકાલથી રાજ્યમાં ઠંડીનું વધુ એક મોજું : અંબારામ પટેલ

ગાંધીનગર, તા. ૫

દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હજુ હિમવર્ષાનો દોર ચાલુ રહે. ગુજરાતના ભાગોમાં તા. ૬ થી ૧૦ ફેબ્રુઆરીમાં હજુ પણ સખત ઠંડી પડવાની શક્યતા છે. દિવસના ભાગમાં સીતોષ્ણ હવામાન રહેવા છતાં રાત્રીના ભાગમાં અને સવારના ભાગમાં બર્ફિલા પવનો હાડ કંપાવે. કચ્છ તેમજ ઉત્તર ગુજરાતના ભાગોમાં ન્યૂનત્તમ તાપમાન ૯ ડિગ્રી સેલ્સીયસથી પણ નીચુ જવાની શક્યતા રહે. તા. ૭ થી ૯ માં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષા થાય. જમ્મુ-કાશ્મીરના ભાગો, પંજાબ, હરીયાણા અને રાજસ્થાનના ભાગો, મધ્યપ્રદેશના ભાગો, દેશના પૂર્વીય ભાગો, છત્તીસગઢ, ઓરીસ્સા વગેરે ભાગોમાં કમોસમી વરસાદની શક્યતા રહે. કેટલાક ભાગોમાં કરા પડવાની પણ શક્યતા રહે.

પશ્ચિમ વિક્ષેપની અસર હેઠળ રાજ્યના ભાગોમાં તા. ૧૨, ૧૩માં વાદળો આવે. આ વખતે રાજસ્થાન કચ્છના અને અન્ય ભાગોમાં હવામાનમાં પલટો આવી શકે. તા. ૧૩ પછી પવનનું જોર વધે. તા. ૨૦મી ફેબ્રુઆરી બાદ રવિપાકોના વાવેતર માટે સંજોગો ઉજળા બને, ૨૦મી તારીખે ઠંડા પવનો ફૂંકાવા છતાં ધીરેધીરે ગરમી વધે અને ૨૦ તારીખ બાદ ઠંડીનું પ્રમાણ ઘટતુ રહે. જોકે આ અરસામાં પણ રાત્રીના ભાગમાં ઠંડા પવનો ફૂંકાઈ શકે. માર્ચ માસમાં પણ દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હિમવર્ષાની સંભાવના રહે.

# માણસામાં કુપોષિત બાળકો માટે નિશુલ્ક સારવાર કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૫

માણસા તાલુકા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી vigneshwari પરિવાર ટ્રસ્ટ અને આનંદી મા ના વડલાના સંયુક્ત ઉપક્રમે કુપોષિત બાળકોનો નિશુલ્ક રોગ નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં અતિથિ વિશેષ તરીકે ડોક્ટર મુકેશભાઈ પોકિયા ડોક્ટર તેજલબેન બ્રહ્મભટ્ટ, ડોક્ટર નિરવભાઈ બ્રહ્મભટ્ટ તેમજ આંગણવાડી ઓફિસર પારસબેન દ્વારા તાલુકાના ૭૨ બાળકોને તપાસ્યા હતા અને સંસ્થા તરફથી કુપોષિત બાળકોને ખજૂર અને અન્ય પૌષ્ટિક વસ્તુઓ આપવામાં આવી હતી. માતા ઈન્ડિયન રેડક્રોસના ચેરમેન દિનેશભાઈ દ્વારા તમામ સંસ્થાઓ અને સરકારના સહયોગથી માળખાને કુપોષણ મુક્ત કરવાનું આહવાન કરી તે માટે સંકલ્પ પણ જાહેર કરવામાં આવ્યો હતો અને આ તમામ બાળકોનું સતત ત્રણ માસ સુધી નિરીક્ષણ કરવામાં આવનાર હોવાનું જણાવ્યું હતું.




## ખૂણેખાંચરેથી

- જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ આજે જિલ્લા મહેસુલી અધિકારીઓ સાથે બેઠક યોજી હતી અને વિવિધ યોજનાઓના અમલીકરણની સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પુંધરા આરોગ્ય કેન્દ્ર ખાતે ગઈકાલે એક જ દિવસમાં ૬ પ્રસુતિના કેસ નોંધાયા છે. આમાંથી ૩ પ્રસુતાઓ હાઈરિસ્ક મધરની કેટેગરીમાં હતી જે ત્રણેય પ્રસુતાઓને નોર્મલ ડિલીવરી કરાવવામાં સફળતા મળી હતી. એક જ દિવસમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આટલી સંખ્યામાં પ્રસુતિ સફળતાભરી નોંધાતાં તંત્રમાં આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે.
- રાજ્યના મુખ્ય સચિવશ્રીએ આજે સ્વચ્છ ભારત મિશન અંગે જિલ્લાના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી હતી.
- સાતમી ફેબ્રુઆરીએ રાજ્યના જિલ્લા કલેક્ટરોની ગાંધીનગર ખાતે કોન્ફરન્સ યોજાવાની છે.
- ગાંધીનગર તાલુકા આયોજન મંડળની એક બેઠક શોભનાબેન વાઘેલાના અધ્યક્ષપદે મળી હતી. જેમાં એક કરોડ બે લાખના કામોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ બેઠકમાં બે ધારાસભ્યો ગાંધીનગર (દ)ના શંભુજી ઠાકોર અને ગાંધીનગર (ઉ)ના ડૉ. સી.જે. ચાવડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.
- ગ્રામ વિકાસ કમિશ્નરની કચેરીમાં અધિક કમિશ્નર તરીકે ડી.ડી. કાપડિયાની નિમણુંક થતાં તેમને પ્રધાનમંત્રી આવાસ યોજના, હિસાબ, મહેકમ, વહીવટ અને સંકલનની જવાબદારી સોંપવામાં આવી છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# ૧૦ ફેબ્રુઆરીથી વધુ એક ગ્રામસભા અભિયાન હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૫

આગામી ૧૦મી ફેબ્રુઆરીથી ૩૧ માર્ચ ૨૦૨૦ દરમ્યાન યોજવાના આદેશો વિકાસ કમિશ્નરશ્રી દ્વારા કરવામાંઆવ્યા છે.

નાણાંકીય વર્ષની આ બીજા ગ્રામસભા અભિયાનનું આયોજન પણ તાત્કાલિક રીતે કરી અને મોકલી આપવા જણાવવામાં આવ્યુ છે. આ ગ્રામસભા અભિયાનમાં જિલ્લા કક્ષાના અધિકારીઓને નોડલ ઓફિસર બનાવવાની પણ ખાસ સૂચના આપવામાં આવી છે.

આ ગ્રામસભા અભિયાનમાં ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી થતા કામોના સોશ્યલ ઓડિટની કામગીરી પર વિશેષ ભાર મુકવા સાથે સુધારાત્મક સૂચનો ગ્રામજનો દ્વારા આવે તો તેનો ગ્રામસભાના ઠરાવમાં ઉલ્લેખ કરવા જણાવાયુ છે.

આ ઉપરાંત જે ગામમાં આંગણવાડી કેન્દ્રનું પોતાનું મકાન ન હોય અથવા જર્જરિત હોય તો તે આંગણવાડી કેન્દ્રના મકાન બાંધકામ માટે જમીન ફાળવણીનો ઠરાવ કરવા પણ જણાવાયુ છે.

પોષણલક્ષી સૂંચકાંકો પર આ ગ્રામસભામાં ચર્ચા કરવા તેમજ હયાત આંગણવાડી કેન્દ્રના મકાનમાં કમ્પાઉન્ડ વોલ, રંગરોગાનનું કામ, કમ્પાઉન્ડ વોલમાં ફ્લોરિંગ બ્લોક, લાઈટ, સ્વચ્છ પીવાનું પાણી, શૌચાલય જેવી ભૌતિક સુવિધાની જરૂરિયાત હોય તો ગ્રામ્ય સ્તરે વિવિધ ગ્રાન્ટ જેવી કે આયોજન મંડળ, ૧૪મું નાણાપંચ, વિકાસશીલ તાલુકા, એ.ટી.વી.ટી., જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યોની વિવેકાધીન ગ્રાન્ટ, ટ્રાયબલ સબપ્લાન વગેરે ગ્રાન્ટોમાંથી જરૂરિયાતના કામોનું આયોજન મંજૂર કરાવવા પણ જણાવવામાં આવ્યુ છે.

તા. ૨-૧૦-૨૦૧૯ થી તા. ૩૧-૧૨-૨૦૧૯ દરમ્યાન સમગ્ર રાજ્યમાં જીપીડીપીની ગ્રામસભાઓનું આયોજન કરવામાં આવેલ. આ સમયગાળા દરમ્યાન અત્રેના તા. ૮-૧૧-૨૦૧૯ના પત્રથી સંવિધાન દિવસ નિમિત્તે તા. ૨૬-૧૧-૨૦૧૯ થી તા. ૧૪-૪-૨૦૨૦ (ડૉ. બી.આર. આંબેડકર જન્મ જયંતિ) દરમ્યાન બંધારણ અને મુળભૂત ફરજો વિષય અન્વયે રાષ્ટ્રવ્યાપી કેમ્પેઈન હાથ ધરવા જણાવેલ. આ અંતર્ગત તા. ૨૬-૧૧-૨૦૧૯ થી તા. ૩૧-૧૨-૨૦૧૯ના સમયગાળા દરમ્યાન યોજાયેલ ગ્રામસભાઓમાં આ કેમ્પેઈનની ઉજવણી કરવામાં આવેલ અને તા. ૨-૧૦-૨૦૧૯ થી તા. ૨૫-૧૧-૨૦૧૯ દરમ્યાન યોજાયેલ ગ્રામસભાઓમાં આ ઉજવણી બાકી રહેલ જેથી બાકી રહેલ ગ્રામ પંચાયતોએ આ રાષ્ટ્રવ્યાપી કેમ્પેઈનની ઉજવણી સદરહુ ગ્રામસભામાં કરવાની રહેશે.



## હેલ્મેટમાં હાશ થઈ ત્યાં સ્પીડ મર્યાદામાં સંડોવ્યા

અમદાવાદ રીંગરોડ ઉપર બુધવાર ઓફિસ સમયે ટ્રાફિક પોલીસ દ્વારા સ્પીડ ગનથી વાહનચાલકોને મસમોટા મેમા પકડાવતા ચાલકોમાં આક્રોશ જોવા મળ્યો હતો. રાજ્ય સરકારે ચાલકોને હેલ્મેટ પહેરવામાંથી રાહત આપ્યા બાદ અમદાવાદના ગાંધીનગર તરફથી વસ્ત્રાલ જતા રીંગ રોડ ઉપર અમદાવાદની ટ્રાફિક પોલીસ અચાનક ત્રાટકી હતી જેમાં ગાંધીનગર તેમજ અન્ય શહેરોના વાહનચાલકોને ટાર્ગેટ બનાવ્યા હતા. શહેરના ટ્રાફિકમાંથી બચીને સમયસર વ્યવસાયના સ્થળે પહોંચી શકાય તેવા હેતુથી રીંગ રોડનો ઉપયોગ કરતા વાહનચાલકો ભોગ બન્યા હતા. સ્વાભાવિક છે કે રીંગ રોડ ઉપર ટ્રાફિક હળવો હોવાથી દરેક વાહનચાલક ગતિમાં જ હોય છતાં પોલીસની ટાર્ગેટ પૂરો કરવાની આ પદ્ધતિને ચાલકોએ વખોડી નાખી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સુચારુ વ્યવસ્થા ડિજિટલ વ્યવહારનો પણ અહીં છેદ ઉડી ગયો હતો. કેટલાક વાહનચાલકોએ રોકડમાં દંડ ભરવાના બદલે ઓનલાઈન દંડ ભરવાનું જણાવતાં પોલીસે આવી અમારી પાસે સ્થળ ઉપર કોઈ જ વ્યવસ્થા ન હોવાનું જણાવ્યું હતું. આમ મોડલ રાજ્ય સરકારના એક વિભાગે જ રોકડ વ્યવહારને પ્રાધાન્ય આપી ડિજિટલ વ્યવહારની વ્યવસ્થા કર્યા વગર જ ઝુંબેશ ચલાવી હતી એવું વાહન ચાલકો આક્રોશપૂર્વક જણાવી રહ્યા હતા.

## અયોધ્યામાં રામ મંદિર નિર્માણ માટે ટ્રસ્ટ રચવાની જાહેરાતને આવકારતા મુખ્યમંત્રી

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અયોધ્યામાં ૬૭ એકર જમીન પર રામ મંદિર નિર્માણ હેતુ ટ્રસ્ટ રચવાની સંસદ ગૃહમાં કરેલી જાહેરાતને આવકારી અભિનંદન પાઠવ્યા છે. વિજયભાઈ રૂપાણીએ વડાપ્રધાન અને તેમની સરકારે કરોડો હિન્દુઓના શ્રદ્ધા-આસ્થા કેન્દ્ર સમુ ભગવાન રામચંન્દ્રનું મંદિર અયોધ્યામાં નિર્માણ થાય તે માટે દાખવેલી પ્રતિબદ્ધતા આ નિર્ણયમાં પ્રતિબિંબિત થઇ છે. આ ઐતિહાસિક નિર્ણય અંગે પ્રતિક્રિયા આપતાં એમ પણ જણાવ્યું કે ૬૭ એકર જમીન રામ મંદિર નિર્માણ અને ૫ એકર જમીન વકફ બોર્ડને ફાળવીને વર્ષોજૂના આ પ્રશ્નનું પરિપકવતાથી સમાધાન થયુ છે. તેમણે દેશની સર્વોચ્ચ અદાલતે આપેલા નિર્ણયને જનતા જનાર્દન અને સરકારે સુંદર-સુમેળભર્યા વાતાવરણ દ્વારા આવકારીને તથા વર્ષોની વિવાદિત સમસ્યાનો સરળતાથી ઉકેલ લાવીને લોક લાગણીને માન આપવા માટે પણ પ્રધાનમંત્રીને ધન્યવાદ આપ્યા છે.

# મનપાએ વિવાદ થતાં રેનબસેરા પ્રોજેક્ટ મંત્રીની દરમિયાનગીરી બાદ પડતો મુક્યો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલ ''રેન બસેરા'' પ્રોજેક્ટને તાત્કાલિક અસરથી થંભાવી દેવાની સૂચના મેયર રીટાબેન પટેલે આપી છે એટલુ જ નહિ આ માટે નવી જગ્યા શોધી અને સૂચવવા માટે ગુડા તેમજ માર્ગ-મકાન વિભાગને જણાવ્યુ છે.

કુડાસણ અને રાયસણની ગ્રામ પંચાયતોએ લખેલા પત્ર પછી પ્રભારી મંત્રી કૌશિક પટેલે આ બાબતે બેઠક બોલાવી હતી તેમની દરમ્યાનગીરી બાદ આખો પ્રોજેક્ટ થંભાવી દેવાની જાહેરાત મેયરના મુખે કરાવી છે.

આ પ્રશ્નને લઈ ગુડા માટે પણ પ્રશ્નો ઉભા થયા છે કારણ કે ગુડાએ ફાયનલ પ્લોટનું માર્કિંગ કેવી રીતે કર્યુ ? સોસાયટીના રહીશોના કહેવા પ્રમાણે આ કોમન પ્લોટમાં પ્લોટ ભેળવાયો છે અને તેની વિવાદી અરજી હાલ ગુડામાં પેન્ડીંગ છે.

મેયરે જ્યારે જાહેરાત કરી ત્યારે ગુડાનું ચેરમેનપદ ધરાવતા મ્યુનિ. કમિશ્નર હમેશની જેમ પત્રકારોથી અળગા રહ્યા હતા જેથી પત્રકારોના કોઈ પ્રશ્નોના ઉત્તર આપવા પડે નહિ.

જો કે કેન્દ્રીય ગૃહમંત્રીના હસ્તે આ પ્રોજેક્ટનું શિલાન્યાસ કરાયુ હતુ ત્યારે કોણે ઉતાવળ કરી મનપાએ કે ગુડાએ તે પ્રશ્ન હજુ પણ પ્રજામાનસમાં વણઉકલ્યો રહેવા પામ્યો છે.




હવે રેનબસેરા પ્રોજેક્ટ માટે નવી જમીન ક્યારે શોધાશે અને ક્યારે હાથ ધરાશે તે સામે પણ પ્રશ્નાર્થ ઉભો થયો છે.

જો કે આજે પાટનગરમાં લોકમુખે એવી ચર્ચા થતી સાંભળવા મળી હતી કે કમિશ્નરશ્રીને ચૂંટાયેલી પાંખ સાથે ફાવતુ જ નથી એટલે પાટનગરમાં વિકાસના કામો સતત અટવાયેલા પડ્યા છે.

દરમ્યાન મેયરે આજે અખબારી નિવેદનમાં જણાવ્યુ છે કે સુપ્રિમકોર્ટની ગાઈડલાઈન પ્રમાણે દરેક શહેરમાં ઘર વિહોણા લોકો કે જેઓ છુટક મજુરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે તેમને ખુલ્લામાં રહેવુ ન પડે તે માટે ઘરની સગવડ હોવી જોઈએ. તે મુજબ ગાંધીનગર શહેરની બાજુના કુડાસણ ખાતે પણ રેન બસેરા મનપા દ્વારા બનાવવા નક્કી કરવામાં આવેલ. જેની જમીન ગુડા દ્વારા ફાળવવામાં આવેલ. પરંતુ તાજેતરમાં કુડાસણની રાજધાની સોસાયટી, બીજી અન્ય સોસાયટીઓના રહીશો, સરપંચ તથા ધારાસભ્યોએ મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવનાર રેન બસેરા અન્યત્ર જગ્યાએ ખસેડવા રજૂઆતો કરેલ હતી.

તે સંદર્ભે મનપાના મેયર રીટાબેન પટેલ અને કમિશ્નરશ્રીએ ગાંધીનગરના પ્રભારીમંત્રી કૌશિકભાઈ પટેલ સાથે મીટીંગ કરી અને આ બાબતે વિગતે ચર્ચા કરી. પ્રભારીમંત્રીએ મેયર રીટાબહેનને તેમની કક્ષાએ નિર્ણય લેવા કહ્યુ. જેથી સઘન વિચારણાને અંતે કુડાસણ અને તેની આજુબાજુની સમગ્ર જનતાની લાગણી તથા માંગણીને ધ્યાને લઈ તેઓની રજૂઆતો સકારાત્મક રીતે લઈ, રેન બસેરાનું કામ તાત્કાલિક બંધ કરી, અન્યત્ર ખસેડવા મેયર રીટાબહેને કમિશ્નરશ્રીને સૂચના આપી તેમજ નવી યોગ્ય જમીન માટે માર્ગ અને મકાન વિભાગ તથા ગુડામાં દરખાસ્ત કરવા કહ્યું છે.